ગાંધીનગર સમાચાર

સિનેમેક્સ થિયેટરમાં દિલવાલેનો વિરોધ

# ગાંધીનગરમાં દિવસે પણ ઠંડીનું જોર

## લઘુત્તમ સાથે મહત્તમ તાપમાનમાં પણ નોંધપાત્ર ઘટાડો

ગાંધીનગર, તા. ૧૯

ઉત્તરભારતમાં સતત થઈ રહેલા હિમપાતને લીધે ઉત્તર અને મધ્યભારતના રાજ્યોમાં તેની સીધી અસર અનુભવાઈ રહી છે. કોલ્ડવેવને કારણે ગુજરાતમાં પણ ઠંડીનો પારો સતત ૧૦ ડિ.સે. નીચે જ નોંધાઈ રહ્યો છે. આથી લોકોએ ઠંડીથી બચવા તાપણી અને ગરમ કપડા લપેટવાનો સહારો લેવો પડે છે. જો કે આજે લઘુત્તમ તાપમાન સાથે મહત્તમ તાપમાનનો પારો પણ નીચો નોંધાયો હતો. રાજ્યના મહત્વના ઠંડીના શહેરો પૈકી ગાંધીનગરમાં ઠંડીની જોર યથાવત રહેવા પામ્યું છે.

ઉત્તરભારતમાં સતત થઈ રહેલી હિમવર્ષાને પગલે ઉત્તર તેમજ મધ્ય ભારતના તમામ રાજ્યોમાં ઠંડીનું જોરદાર મોજુ ફરી વળ્યુ છે. આ હાડ થીજવતી ઠંડીને લીધે લોકોનું ઘરની બહાર નીકળવું પણ મુશ્કેલ બન્યું છે. આ હિમવર્ષાને લીધે તેની



(તસવીર : કશ્યપ નિમાવત)

સીધી અસર ગુજરાત સહિત ગાંધીનગરમાં ભારે શીતલહેરની અસર જોવા મળી રહી છે. પરિણામે નગરજનોએ ગરમ કપડા અને તાપણીનો સહારો લેવાનો વારો આવ્યો છે. આ કડકડતી ઠંડીથી આગામી કેટલાક દિવસો સુધી કોઈ રાહત મળવાની સંભાવના નથી.

ડિસેમ્બર માસના બીજા અઠવાડીયામાં આ ઠંડીએ ગાંધીનગરવાસીઓને હેરાન કરી મુક્યા છે. આજે લઘુત્તમ તાપમાન છેલ્લા બે દિવસની જેમ ૯ ડિ.સે.ની આસપાસ નોંધાઈ રહ્યું છે. જ્યારે મહત્તમ તાપમાન ૨૭ ડિ.સે. નોંધાયું છે. આમ લઘુત્તમ તાપમાનની સાથે મહત્તમ તાપમાનનો પારો પણ નીચે આવી રહ્યો છે. ભેજનું પ્રમાણ સવારે ૫૧ ટકા અને સાંજે ૪૧ ટકા નોંધાયું હતું. આગામી દિવસોમાં પણ ઠંડી યથાવત રહેવાની હવામાન વિભાગે સંભાવના વ્યક્ત કરી છે.

# બી. પી. કૉલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન દ્વારા રાજ્ય કક્ષાના મેગ્નેટ મેનેજમેન્ટ પ્રદર્શનનું ભવ્ય આયોજન



બીબીએ કૉલેજ દ્વારા આયોજિત મૅગ્નેટ મેનેજમેન્ટ પ્રદર્શનમાં ફર્સ્ટ યર બીબીએમાં અભ્યાસ કરતી હિનલ પટેલે 'પ્રૉડક્શન પ્રોસેસ ઓફ સિરામિક ટાઈલ્સ' પ્રોજેક્ટ ખૂબ જ સરસ રીતે રજૂ કર્યો હતો. આ પ્રોજેક્ટમાં સિરામિક ટાઈલ્સના રો-મટીરિયલથી માંડીને પ્રોસેસીંગ, મિક્સીંગ, પોલીશીંગ, ડિઝાઈનીંગ, પેકીંગ સુધીની તમામ પ્રક્રિયાઓને આવરી લેવામાં આવી હતી. આ પ્રૉજેક્ટ હિનલ પટેલ, ચૈતાલી શાહ, અભિષેક દેસાઈ, કૃતિ દેસાઈ નિમિષા સોલંકી, સર્વજિતસિંહ ચૌહાણ, કુલદીપ વિહોલ તથા હાર્દિક પટેલ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર, તા. ૧૯


ગાંધીનગરમા આવેલ બી. પી. કૉલેજ ઓફ બિઝનેસ ઍડમીનીસ્ટ્રેશન દ્વારા સતત ૬ વર્ષથી "મૅગનેટ" પ્રદર્શનનું સફળતા પૂર્વક આયોજન કરવામાં આવી રહ્યુ છે. બીબીએ કૉલેજ દર વર્ષે વિદ્યાર્થીઓની આંતરિક શક્તિઓને બહાર લાવવાની તક વિદ્યાર્થીઓને પ્રાપ્ત થાય તે ઉદ્દેશ્યથી રાજ્ય કક્ષાનાં મેગ્નેટ મેનેજમેન્ટ પ્રદર્શનનું આયોજન કરે છે. જેનાથી તેમનો સર્વાંગી વિકાસ થાય સાથે સાથે ઉદ્યોગ જગતને પણ વિદ્યાર્થીઓનાં સંશોધનમાંથી કેટલાક ઉપયોગી સૂચનો મળી શકે. આ કાર્યક્રમને કડી સર્વ વિશ્વવિદ્યાયના રિસર્ચ ડીન ડૉ.રાજમલ જૈન દ્વારા ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.

પ્રદર્શનની સફળતા માટે છેલ્લા ૩૦ દિવસથી વિદ્યાર્થીઓ પોતાના પ્રૉજેક્ટ્સની તૈયારીમાં લાગી ગયા હતા. અભ્યાસની સાથે સાથે કૉલેજમાં અભ્યાસ સમય બાદ દરરોજ બેથી ત્રણ કલાક રોકાઈ અધ્યાપક ગણ તેમજ બિન શૈક્ષણીક સ્ટાફની મદદથી કાર્ય કરી રહ્યા હતા. કૉલેજ પાસે અનુભવી અધ્યાપકો ની ટીમ છે. જેમના અનુભવનો લાભ વિદ્યાર્થીઓને મળ્યો હતો. તેમજ વિદ્યાર્થીઓએ લાઈબ્રેરી તેમજ વાઈ - ફાઈ ઈંટરનેટ સુવિધાનો ઉપયોગ પણ રીસર્ચ કામ માટે કર્યો હતો.

કૉલેજ દ્વારા કુલ ૧૨ પ્રોજેક્ટર વિદ્યાર્થીઓને નિદર્શન માટે પૂરા પાડવામાં આવ્યા હતા. જેનાથી તેમના પ્રૉજેક્ટની રજૂઆતમાં ખૂબ સરળતા રહી હતી તેમજ મુલાકાતીઓ ને પણ સમગ્ર સંશોધન કાર્ય નીહાળવાની અવિસ્મરણીય તક મળી હતી.

આ કાર્યક્રમ માં કૉલેજના સેમેસ્ટર ૨,૪ અને ૬ના કુલ ૨૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમજ કૉલેજનાં ૬૦ વિદ્યાર્થીઓ વિવિધ કમિટિમાં રહી મેનેજમેન્ટના પદાર્થ પાઠ શીખ્યા હતા. કાર્યક્રમની થીમ "ક્વાલિટી મૅનેજમૅંટ" રાખવામાં આવી હતી જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ વિષયો જેવા કે ફાઈનાન્સ, માર્કેટીંગ, માનવ સંસાધન, પ્રોડક્શન વગેરેમાં ક્વાલિટીના મહત્વને સમજાવે તથા ઈંડસ્ટ્રીમાં ટોટલ ક્વાલિટી મેનેજમેન્ટ નું અમલીકરણ કેવી રિતે થાય તે દર્શાવતા વિવિધ પ્રદર્શન, પ્રૉજેક્ટ્સનાં મૉડલ્સ ચાર્ટ ,વીડિયો તેમજ કંપ્યૂટર પર પાવર પોઈન્ટ પ્રેજનટેશન દ્વારા પ્રોજેક્ટર પર રજૂ કરી આબેહુબ નિદર્શન કર્યુ હતુ.

સમગ્ર રાજ્ય માંથી ૧૬ નામાંકિત શાળાઓનાં ૩૫૦૦ વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી. તેમજ સમગ્ર રાજ્ય ની વિવિધ શાળાનાં ૩૦ શિક્ષકો અત્રે મુલાકાત લેવા આવ્યા હતા. મુલાકાતીઆશએ બી.બી.એ.નાં વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા કુલ ૩૪ પ્રૉજેક્ટ્સને રસપૂર્વક સમજી તેને લગતા પ્રશ્નો પૂછ્યા હતા જેનાથી તેમને મેનેજમેન્ટની અનેક બાબતો સમજવા મળી હતી. અહીં તેમણે મેનેજમેન્ટનો રચનાત્મકતા તેમજ સર્જનાત્મકતાનો અભિગમ આબેહુબ નિહાળ્યો હતો તેમજ મેનેજમેન્ટ ક્ષેત્રે ઉજ્વળ કારકિદી નો અવકાશ રહેલો છે, તેનો અહેસાસ કર્યો હતો.



મૅગ્નેટ એક્ઝિબીશનમાં વધુ એક પ્રૉજેક્ટ ફાઈનાન્સ સંબંધિત પ્રસ્તુત કરાયો હતો, જેમાં ભારતીય નાણાં તંત્રનાં કાર્યો, સ્ટ્રક્ચર, સીએફઓની ભૂમિકા વગેરે સહિત અનેક તલસ્પર્શી બાબતો ૪ ચાર્ટ, ૧ પ્રેઝન્ટેશન, બે સ્મોલ મૂવીઝ અને મૉડેલ્સના સહયોગથી ખૂબ જ સરસ રીતે આવરી લેવાઈ હતી. આ પ્રૉજેક્ટ ફર્સ્ટ યરના વિદ્યાર્થીઓ કેતન પાર્કર, રાહુલ ચૌહાણ, કૃણાલ કાવડ, અજય ખેની, દર્શન પટેલ, શુભમ દરજી તથા હિતેષ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો.

મધુર ડેરીના મેનેજીંગ ડિરેક્ટર રાહુલ મેહતા ,માર્કેટીંગ મેનેજર એન. એમ. બારોટ, આસીસ્ટન્ટ મેનેજર મૌલિક પટેલ, સિનિયર માર્કેટીંગ મેનેજર જેઓ શ્રી બી.બી.એ. કૉલેજ નાં ભૂતપુર્વ વિદ્યાર્થી છે તેવા પરેશ પટેલ, વારમોરા ગૃપ ઓફ ઈંડસ્ટ્રીઝમાંથી કંપનીના એચ. આર. હેડ જેકિન ઠક્કર, ઈન્ફાઈનાઈટ સોલ્યૂશનસ્પ્રાઈવેટ લિમિટેડ કંપનીનાં ડિરેક્ટર તેમજ મોટીવેશનલ ટ્રેનર શ્રી. મૌલીન પંડ્યા જેવા વિવિધ અગ્રગણ્ય કંપનીનાં નામાંકિત અધીકારીઓ નિર્ણાયક તરીકે ઉપસ્થિત રહી પોતાનો સચોટ નિર્ણય આપ્યો હતો.

## સિનેમેક્સ થિયેટરમાં દિલવાલેનો વિરોધ

### વિરોધ કરવા આવેલા બજરંગ દળના ૧૦ કાર્યકરોની અટકાયત

ગાંધીનગર, તા. ૧૯

અસહિષ્ણતા મામલે શાહરૂખ ખાનની ટીપ્પણીને લઈ દેશભરમાં તેની ફિલ્મ દિલવાલેનો વિરોધ કરવામાં આવી રહ્યાં છે. ઠેર ઠેર તેના ફિલ્મના પોસ્ટરો ફાડીને સળગાવવામાં આવ્યાના બનાવો બન્યા છે ત્યારે ગુજરાતનું પાટનગર પણ વિરોધ પ્રદર્શન કરવામાં બાકાત રહ્યુ નથી. આજે સે. ૧૧ સ્થિત સિનેમેક્સ થિયેટર બહાર ફિલ્મના વિરોધ કરવા પહોંચેલા બજરંગદળના કાર્યકરોની પોલીસે મંજુરી વિના વિરોધ કરવા બદલ પકડીને અટકાયત કરી લીધી હતી.

બપોરના અરસામાં દહેગામના અમિત ઉપાધ્યાય સહિત તેના બજરંગદળના કાર્યકરો સે. ૧૧ સીનેમેક્સ થિયેટર પાસે આવી પહોંચ્યા હતા અને થિયેટર બહાર વિરોધ પ્રાર્થના કરીને થિયેટર મેનેજરને બોલાવી પોસ્ટરો ફાડવાની તથા તોડફોડ કરવાની તૈયારીઓ બતાવી હતી.પોલીસને મેસેજ મળી જતાં સેક્ટર-૬ અત્યાગ્રહ છાવણી ખાતે બંદોબસ્તમાં ઉભેલી સેક્ટર-૭ પોલીસની એક ટીમ તાબડતોબ સે. ૧૧ સિનેમેક્સ પહોંચી ગઈ હતી અને દશ કાર્યકરોની અટકાયત કરી પોલીસ મથકમાં લઈ જવાયા હતા.

### @ગાંધીનગર

- સૅક્ટર-૨૬ સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા નૂતન વર્ષ નિમિત્તે સૅક્ટર-૨૭ રંગમંચ ખાતે સાંજે ૪ કલાકે સ્નેહમિલન કાર્યક્રમ, વડીલ સત્કાર સમારોહ તેમજ સંગીત સંધ્યાનો કાર્યક્રમ યોજાશે.
- કચ્છ મિત્ર મંડળ દ્વારા સૅક્ટર-૨૩ કડી કૅમ્પસના ખીમજી વિશરામ હૉલમાં બપોરે ૩ કલાકે તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.
- સૉક્ટર-૨૭ સ્વસ્તિક સોસાયટીમાં ૭૫ વર્ષતી વધારે વયનાં વડીલોનું સાંજે પાંચ કલાકે સન્માન કરવામાં આવશે.
- સૅક્ટર-૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે સવારે ૮ કલાકે વિશ્વ હરિકૃપા દર્શન-પ્રદર્શનનું ઉદ્‌ઘાટન મહારાજ તેજેન્દ્રપ્રસાદજીના વરદ હસ્તે કરવામાં આવશે.
- રામકથા સમિતિ દ્વારા બપોરે બે કલાકે સૅક્ટર-૫ સી, નવરાત્રી ચૉક ખાતે ગોસ્વામી સંજય ભારતીની વ્યાસપીઠે રામકથા યોજવામાં આવશે.

- નજાહખાનમ સૈયદ

## આજે ગાંધીનગર ટાઉનહૉલમાં નાટક 'પિયુ મનભાવન'

ગાંધીનગર, તા. ૧૯

બેતાલીસ ચોર્યાસી કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર દ્વારા ગાંધીનગર ટાઉનહૉલ ખાતે દિવસભર સ્નેહમિલન કાર્યક્રમ અને તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ માટેનો સમારોહ રવિવારે યોજાઈ રહ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત બપોરે ૧૨.૩૦ કલાકે જી ઈ કલબ અને પ્લગ-ઈન્સ ઍન્ટરટેઈનમેન્ટ નિર્મિત, કુંતલ નિમાવત લિખિત અને દિવ્યકાન્ત વર્મા દિગ્દર્શિત પૂર્ણ લંબાઈનું સામાજિક નાટક 'પિયુ મનભાવન' ભજવાશે. ગાંધીનગરના જ કલાકારોના બનેલા આ નાટકમાં દિવ્યકાન્ત વર્મા, દિપલ પરમાર, કરણ રાજવીર, નીતિન પરમાર, પાર્થ બારોટ, ફાલ્ગુન નંદા, હિમાની માંકડ અને કુંતલ નિમાવત અભિનય આપી રહ્યાં છે. સંગીત સંચાલન રોનક સુતરીયા, લાઈટ સંચાલન મયુર ભાટીયા દ્વારા કરવામાં આવ્યું છે. સૅટીંગ્સ પ્લગ-ઈન્સ દ્વારા, રૅકોર્ડીંગ્સ શાંતમ રૅકોર્ડ-ઈન દ્વારા અને ડ્રેસીંગ સૌજન્ય વૃંદા ડ્રેસીસ દ્વારા આપવામાં આવ્યું છે.

### વાતવાતમાં

- સૅક્ટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે કોંગ્રેસ દ્વારા નેશનલ હેરાલ્ડ મામલે દેખાવો કરવામાં આવી રહ્યા હતા તે સમયે મધ્યાહ્ન ભોજન યોજના અંગેના વિવિધ મુદ્દે દેખાવો કરી આમ આદમી પાર્ટીના કાર્યકરો પરત ફરી રહ્યા હતા. આ કાર્યકરોમાં પૂર્વ ધારાસભ્ય ડૉ. કનુભાઈ કલસરિયા પણ હતા, જેમણે ગાડી થોભાવી પરંતુ કોંગ્રેસી કાર્યકરો તેમને બોલાવતાં જ દૂરથી અભિવાદન કરી ચાલતી પકડવાનું મુનાસિબ માન્યું હતું.
- સૅક્ટર-૨ બી ખાતે સવારે પ્લોટ નં. ૩૯૩/૨ પાસે એક કૂતરું મરી ગયું હોવાની ફરિયાદ રહીશ રમણભાઈએ ફોન દ્વારા નોંધાવી હતી. પરંતુ બપોર સુધી ફરિયાદનું નિવારણ કરવા કોઈ ન આવતાં તેમણે ફરી દસેકવાર ફોન કર્યા પરંતુ કોઈએ ફોન જ રિસિવ ન કર્યો અને સાંજે તો ફોન સ્વીચ ઑફ પણ થઈ ગયો.
- સૅક્ટર પાંચથી વાવોલ તરફ વાયા પશુ દવાખાનાવાળા માર્ગનું નવીનીકરણ થઈ ગયું છે. શૉર્ટ કટ તરીકે ઉપયોગમાં લેવાતો આ માર્ગ ઘણા સમયથી બિસ્માર હાલતમાં હતો, પરંતુ આ માર્ગ દુરસ્ત થતાં હવે વાહનચાલકોને હાશ થઈ છે.
- શિયાળાની ઋતુ જામી હોવાથી લીલી હળદરનું શાક 'હળદળિયું' તથા તુવેર ઠોઠાની મિજબાની ઠેર-ઠેર યોજાઈ રહી છે. 'હળદળિયું' શાક એ ગાંધીનગરની આગવી પસંદ તરીકે રાજ્યભરમાં ખ્યાતિ પામ્યું છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

## જમનાબાઈ નરસી સ્કૂલનો વાર્ષિક સ્પોર્ટ્સ ડે સોમવારે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર ગિફ્ટ સિટી ખાતે સૌપ્રથમ કાર્યરત જમનાબાઈ નરસી સ્કૂલના વાર્ષિક સ્પોર્ટ્સ ડેનું આયોજન આગામી સોમવારના રોજ કરવામાં આવ્યું છે. તા. ૨૧ ડિસેમ્બર ને સોમવારના રોજ સવારે ૧૦ કલાકે આ સ્પોર્ટ્સ ડેનો આરંભ કરવામાં આવશે.

# ખંડિત મૂર્તિઓ-તસવીરોથી બે યુવાનોનાં હૃદય દ્રવ્યાં

## ગાંધીનગર સમાચારના અહેવાલના પગલે મનપા કે અન્ય કોઈ સ્વૈચ્છિક સંસ્થાને સફાઈ કરવાનું સુઝ્યું નહીં પણ બે શ્રમજીવી યુવાનોએ સફાઈ અભિયાન હાથ ધર્યું





તાજેતરમાં ગાંધીનગરના સે. ૧૭માંથી સે. ૧૬ તરફ જવાના મુખ્ય માર્ગે એક પીપળાના ઝાડના થડ નજીક કેટલાક નગરજનો દ્વારા પોતાના ઘરની ભગવાનની તુટેલી ફૂટેલી ખંડિત મૂર્તિઓ તથા તસવીરોનો ખડકલો કરાતો હોવાનો અહેવાલ ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થયો હતો. આ ખડકલાને કારણે અનેક શ્રદ્ધાળુ નાગરિકોની લાગણી દુભાતી હતી. અહેવાલ વાંચીને સે. ૧૬માં બટાકાપૌઆની લારી ચલાવતા યુવાન રાજુ મકવાણા તથા રીક્ષા ચાલક યુવાન નિરવ ગાંધીયને આ જગ્યાએ સફાઈ અભિયાન હાથ ધરી તમામ ખંડિત મૂર્તિઓ તથા તસવીરો સહિતના કાટમાળને હટાવી જગ્યાને એકદમ સાફસુથરી બનાવી દીધી છે.

કેટલાક નગરજનો દ્વારા મુખ્ય માર્ગ પરની ફૂટપાથ પર પોતાના ઘરની દેવી-દેવતાઓની ખંડિત અને જુની પુરાણી મૂર્તિઓ તથા તસવીરોના નિકાલનું સ્થળ બનાવી દેવાયું હતું. વળી, અહીં આ મૂર્તિઓ-તસવીરોના ખડકલા સાથે ચુંદડી, શ્રીફળ, નાડાછડી, કોડિયાં, હાર સહિતનો તમામ પૂજાપો પણ ખડકી દેવામાં આવતો હતો.જેના કારણે આ જગ્યાએથી રાહદારીને પસાર થવુ મુશ્કેલ પડી ગયું હતું. અહીંથી પસાર થતા રાહદારીઓને રીતસર ફૂટપાથ પરથી નીચે ઉતરીને રોડ પર ચાલવુ પડતુ હતુ. વળી, પોતાના આરાધ્ય દેવી-દેવતાઓની મૂર્તિઓ-તસવીરોની અવદશા જોઈ અનેક શ્રદ્ધાળુઓનું દશ્ય પણ હચમચી જતુ હતુ અને તેમની શ્રદ્ધાને ઠેસ પહોંચતી હતી. આ જગ્યાએ મ્યુનિસિપલ કોર્પોરેશન કે અન્ય કોઈ સરકારી તંત્ર દ્વારા સફાઈ કાર્ય પણ કરાતુ ના હોઈ આ ખડકલો દિવસ ને દિવસે વધી રહ્યો હતો.

છેવટે ગાંધીનગર સમાચારમાં આ અંગેનો અહેવાલ વાંચી મૂળ પેથાપુરના પરંતુ સે. ૧૬માં પાટનગર યોજના ભવન સામે બટાકા પૌઆની લારી ચલાવતા શ્રમજીવી યુવાન રાજુ મકવાણા તથા રીક્ષાચાલક યુવાન નિરવ ગાંધીયનનું હૃદય દ્રવી ઉઠ્યું અને બંનેએ આ જગ્યાની સાફ-સફાઈ કરવાનો નિર્ણય લીધો. આ બંને યુવાનોએ આશરે બે કલાક જેટલી મહેનત કરી આ જગ્યાએથી તમામ ખંડિત મૂર્તિઓ-તસવીરો, સડી ગયેલા નાળિયેર, તથા અન્ય પૂજાપાનો કચરો બધુ હટાવી તેનો યોગ્ય નિકાલ કરી જગ્યાને ચોખ્ખી ચણાંક કરવા સાથે ફૂટપાથને પુનઃ રાહદારીઓ માટે ચાલવા યોગ્ય બનાવી દીધી હતી. અખબારી અહેવાલના પગલે મ્યુનિસિપલ કોર્પોરેશન, સફાઈતંત્ર કે નગરમાં સ્વચ્છતા અભિયાનના દેખાવો કરતી એક પણ સ્વૈચ્છિક સંસ્થાને ના સુઝ્યુ તે આ બંને યુવાનોને સુઝ્યું હતું. બંને યુવાનોના આ અનોખા પ્રયાસને પગલે અનેક નાગરિકોને સ્વચ્છતા અભિયાનનો સાચો મતલબ સમજાશે તેમાં બેમત નથી.

(તસવીર : કશ્યપ નિમાવત)

ખરેખર તો નગરજનોએ પોતે જ ખંડિત મૂર્તિઓનો યોગ્ય નિકાલ કરવો જોઈએ. તે માટે રસ્તા, ફૂટપાથ કે નદીમાં ગંદકી ફેલાવી પર્યાવરણને નુકશાન ના પહોંચાડવુ જોઈએ. અહીં ફરીથી ગંદકી નહી કરાય તો જ અમારો પ્રયાસ લેખે લાગશે.

- નિરવ ગાંધીયન



દરેક નગરજને સ્વચ્છતા જાળવવા પોતાના આંગણેથી પ્રારંભ કરવો જોઈએ તો જ આપણું ગાંધીનગર સાચા અર્થમાં "ક્લીન ગાંધીનગર" બનશે. આ કાર્ય સાથે મારી તમામ નગરજનોને ફરી અહીં ખંડિત મૂર્તિઓ કે તસવીરો મુકશો નહી તેવી નમ્ર અપીલ કરૂ છું.

- રાજુ મકવાણા